GJVD010014402026

| | | | |
|---|---|---|---|
| અરજી રજુ તારીખ | ૩૦/૦૧/૨૦૨૬ | | |
| અરજી દાખલ તારીખ | ૩૦/૦૧/૨૦૨૬ | | |
| અરજી ફેંસલ તારીખ | ૨૭/૦૩/૨૦૨૬ | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૦ | ૧૩ |

સત્યમેવ જયતે

## વડોદરાના ૧૧માં એડીશ્નલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજની કોર્ટમાં, મુ.વડોદરા.

ફો.રીવીઝન અરજ નં. ૭૭/૨૦૨૬
આંક– ૦૫

**અરજદાર :–**

**સચિન ઉર્ફે સંલગ ડાહયાભાઈ પરમાર**
રહે. ૧૫૫, રામદેવ નગર–૨, સયાજી પાર્ક,
આજવા રોડ, વડોદરા.

**વિરૂધ્ધ**

**સામાવાળા :–**

**ધી સ્ટેટ ઓફ ગુજરાત**

*બાબત :* *ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ–૪૩૮ (ક્રિમી.પ્રો.કોડની કલમ–૩૯૭) મુજબ રીવીઝન અરજ.*

અરજદાર તરફે : વિ.વ.શ્રી **વી.જે.વાઘેલા**
સામાવાળા તરફે : વિ.એ.પી.પી.શ્રી **આર.એસ.ચૌહાણ**

**–:: જ જ મેન્ટ ::–**

૧. અરજદારની રીવીઝન અરજી વંચાણે લીધી, અરજદારના વિ.વ.શ્રી તથા સામાવાળા તરફે વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા, રેકર્ડ ધ્યાનમાં

લીધુ. ફો.પ.અ.નં.૪૯૭/૨૦૨૬ ના કામે વિધ્વાન ૦૮માં એડી. જયુડી. મેજી.ફ.કલાસ, વડોદરા દ્બારા કરેલ હુકમ વંચાણે લીધો.

**૨.** હાલની રીવીઝન અરજી અરજદાર દ્બારા, બી.એન.એસ.એસ.ની કલમ-૪૩૮ મુજબ, વિધ્વાન ૦૮માં એડી. જયુડી. મેજી.ફ.કલાસ, વડોદરા દ્બારા ફો.પ.અ.નં. ૪૯૭/૨૦૨૬ ના કામે તા.૩૦/૦૧/૨૦૨૬ ના રોજ હુકમ કરી, અરજદારની માલિકી અને કબજા ભોગવટાનો મોબાઇલ, આઇફોન ૧૩, IMEI No.3572149 80320911 નો પરત મેળવવાની અરજી નામંજુર કરેલ, તે હુકમથી નારાજ થઇ દાખલ કરવામાં આવેલ છે.

**3.** અરજદાર તરફે તેમના વિ.વકીલશ્રીએ અરજી મુજબ લંબાણપુર્વક રજુઆત કરેલ છે અને એવુ જણાવેલ છે કે, અરજદારની માલીકી કબજા ભાગવટાનો મોબાઇલ ફોન કપુરાઇ પો.સ્ટે. ગુ.રજી. નં. ૧૧૧૯૬૦૪૩૨૫૦૬૯૩/૨૦૨૫, પ્રોહી એકટ કલમ-૬૫(એ)(ઇ), ૮૧, ૯૮(૨), ૧૦૮ તથા બી.એન.એસ. કલમ-૩૩૬(૩) મુજબના કામે કબજે થયેલ છે. વધુમાં તેઓએ તેમની અરજીમાં એવું જણાવેલ છે કે, વિ.ટ્રાયલ કોર્ટે કરેલ હુકમ ભુલ ભરેલો અને કાયદાકીય જોગવાઇઓ વિરૂધ્ધનો છે. વિ.ટ્રાયલ કોર્ટે હુકમ કરતા પહેલા બી.એન.એસ.એસ. કલમ-૪૯૭(ક્રિમી.પ્રો.કોડની કલમ-૪૫૧) ની જોગવાઇઓ ધ્યાને લીધેલ નથી. અરજદાર મુદ્દામાલ મોબાઇલ ફોનનો ઉપયોગ તેઓના ધંધાના કામકાજ અર્થે ઉપયોગ કરે છે, જેથી તેઓને ધંધાના કામમાં નુકસાન થાય તેમ છે અને તેના કારણ તેઓને માનસીક ત્રાસ ઉપસ્થીત થયેલ છે. મુદ્દામાલ મોબાઇલમાં તેમના કોન્ટેકટ નંબરો તેમજ જરૂરી ડેટા સેવ કરેલ છે, જેના કારણે તેઓને ધંધામાં ખુબ જ તકલીફ પડી રહેલ છે. સદર મુદ્દામાલ વગર અરજદારને ખુબ જ મુશ્કેલી અને હાડમારીનો સામનો કરવો પડી રહેલ છે. સદર કામે તપાસ પૂર્ણ થઇ ગયેલ છે અને હવે વધુ કોઇ તપાસ કરવાની બાકી નથી. મુદ્દામાલ મોબાઇલ ફોન વધુ સમય પડી રહેવાથી અને બંધ રહેવાથી તેની બેટરી, સ્ક્રીન તેમજ સ્પેર

પાર્ટસને નુકસાન થવાનો સંભવ છે અને વધુ સમય બંધ પડી રહેવાથી મોબાઈલ બગડી જવાનો સંભવ રહેલ છે. જેથી વિ.ટ્રાયલ કોર્ટે અરજદારની મુળ ફો.પ.અ.નં. ૪૯૭/૨૦૨૬ ના કામે કરેલ હુકમ રદ કરવા, હાલની રીવીઝન અરજી મંજુર કરવા અને મુદ્દામાલ મોબાઈલ ફોન અરજદારને યોગ્ય શરતોને આધીન સોંપવા હુકમ કરવા દાદ માંગેલ છે.

**૩.૧)** અરજદાર તરફે તેઓની અરજી સાથે **આંક–૦૩** ના લીસ્ટથી નીચે મુજબના દસ્તાવેજો રજુ કરેલ છે.

૧. માર્ક–૩/૧ થી મોબાઈલ બીલની નકલ,

૨. માર્ક–૩/૨ થી એફ.આઈ.આર.ની નકલ

૨. માર્ક–૩/૩ થી ફો.પ.અ.નં. ૪૯૭/૨૦૨૬ ના હુકમની નકલ

૩. માર્ક–૩/૪ થી આઇ.ઓ.નો અભિપ્રાય

**૪.** સામાવાળાને નોટીસ કરતાં વિ.એ.પી.પી.શ્રી હાજર થયેલ છે અને **આંક–૦૪** થી એ.એસ.આઇ. સયાજીગંજ પો.સ્ટે. ધ્વારા રીપોર્ટ રજુ કરેલ છે સાથે મુદ્દામાલ પાવતી તથા પંચનામાની નકલ રજુ કરેલ છે. પોલીસના રીપોર્ટમાં એવું જણાવેલ છે કે, હાલના ગુનાના આરોપીએ સદરહું મુદ્દામાલ પોતે લાવેલ દારુ પુરો પાડવા મે। જે સંપર્ક માટે મોબાઇલ વાપરેલ છે. મુદ્દામાલ મોબાઇલ આરોપીને પરત આપવામાં આવશે તો તે મોબાઇલમાના ડેટાનો નાશ કરી દેહે અને ગુનાના કામે અગત્યના પુરાવાને નુકશાન કરે તેમ છે. જે જોતા ટ્રાયલને નુકશાન થવાની સંભાવના રહેલ છે જેથી મુદ્દામાલ મોબાઇલ ફોન પરત નહી સોંપવા અભિપ્રાય આપેલ છે. વિ.એ.પી.પી.શ્રીની રજુઆત છે કે, મુદ્દામાલ ગુનામાં વપરાયેલ છે તેથી પરત આપવો ન જોઇએ, ટ્રાયલ કોર્ટે કરેલ હુકમ યોગ્ય છે.

**૫.** અરજદાર ધ્વારા હાલની અરજી, બી.એન.એસ.એસ.ની કલમ–૪૩૮ (ક્રિમી.પ્રો.કોડની કલમ–૩૯૭) અન્વયે દાખલ કરેલ છે ત્યારે રીવીઝન કોર્ટ તરીકે અત્રેની કોર્ટે એટલુ જોવાનુ છે કે, ટ્રાયલ કોર્ટ ધ્વારા

કરવામાં આવેલ નિર્ણય/હુકમ ખરો છે કે કેમ, કાયદેસર છે કે કેમ, ઔચીત્યયુકત છે કે કેમ, અને કાર્યવાહી નિયમસર છે કે કેમ? તેની રેકર્ડના આધારે ખાત્રી કરવાની છે.

**૬.** વિધ્વાન ૦૮માં એડી. જયુડી. મેજી.ફ.કલાસ, વડોદરાનાએ અરજદારની ફો.પ.અ.નં. ૪૯૭/૨૦૨૬ ના કામે તા.૩૦/૦૧/૨૦૨૬ ના રોજ કરેલ હુકમ વંચાણે લીધો. તેમાં જણાવેલ છે કે, કબજે કરવામાં આવેલ મુદ્દામાલ ગુનાના કામે વપરાયેલ છે, જેથી જો મુદ્દામાલ અરજદારને પરત સોંપવામાં આવશે તો તેઓ મોબાઇલ ફોનના સંપર્કથી ફરીથી આવા ગુનાઓ કરે કરાવે તેવો પાકો સંભવ હોવાનું જણાવી, અરજદારની મુદ્દામાલ પરત મેળવવાની અરજી નામંજુર કરતો હુકમ કરેલ છે.

**૭.** સમગ્ર રેકર્ડ ધ્યાને લેતાં, કપુરાઇ પો.સ્ટે. ગુ.રજી. નં. ૧૧૧૯૬૦૪૩૨૫૦૬૯૩/૨૦૨૫, પ્રોહી એકટ કલમ-૬૫(એ)(ઇ), ૮૧, ૯૮(૨), ૧૦૮ તથા બી.એન.એસ. કલમ-૩૩૬(૩) મુજબના ગુનાના કામે અરજીમાં જણાવેલ મુદ્દામાલ મોબાઇલ ફોન કબજે થયેલ છે. વિ. ટ્રાયલ કોર્ટે તેના હુકમમાં નોંધેલ છે કે, રજુ થયેલ મોબાઇલનું બીલ જોતાં મુદ્દામાલ મોબાઇલના માલીક હાલના અરજદાર હોવાનું જણાય આવેલ છે. જે હકીકતને આ કામે માર્ક-૩/૧ થી રજુ મોબાઇલ બીલની નકલ જોતા સમર્થન મળે છે. મુદ્દામાલ મોબાઇલ ફોન અંગે અરજદાર સિવાય અન્ય કોઇ માંગણીદાર નથી. પોલીસ ધ્વારા મુદ્દામાલ મોબાઇલ ફોનને એફ.એસ.એલ. માં કે અન્ય કોઇ તપાસ માટે જરૂરીયાત હોય તેવી રજુઆત નથી. મુદ્દામાલ મોબાઇલ ફોનમાં આ ચોરીના ગુનાને લગતો કોઇ પુરાવો હોય કે ડેટા હોય તેવો પ્રોસીકયુશનનો કેસ નથી. અરજદાર સામે પ્રોહીબીશનના ગુનાના આરોપ છે, ત્યારે તેમાં મોબાઇલનો કઇ રીતે ઉપયોગ થયેલ છે તે જણાય આવતું નથી. આ સંજોગોમાં માત્ર ગુનામાં મોબાઇલ ફોનનો ઉપયોગ આરોપીએ કરેલ હોય અને તેની પાસેથી કબજે કરેલ હોય એટલા કારણોસર હાલના કેસની હકીકત જોતાં, અરજદારની

મુદ્દામાલ વચગાળાની કસ્ટડીમાં પરત મેળવવાની અરજી, વિ. જયુ.ડી.મેજી. ફ.કલાસ કોર્ટ ધ્વારા નામંજુર કરવામાં આવેલ છે તે હુકમ યોગ્ય અને ન્યાયી, નામદાર સુપ્રિમ કોર્ટના સુંદરલાલ અંબાભાઇ દેસાઇ વિ. સ્ટેટ ઓફ ગુજરાતના તારણો જોતાં ગણી શકાય નહી. કારણ કે જે તે સ્થીતીમાં મુદ્દામાલ પડી રહેવા દેવાથી નુકસાન થાય તે હકીકત છે અને ટ્રાયલ દરમ્યાન તેનો પુરાવા તરીકે મહત્વનો ઉપયોગ નથી, અરજદારની પાસેથી મુદ્દામાલ મોબાઇલ કબજે થયેલ છે અને અરજદાર તેના માલીક હોવા અંગે કોઇ તકરાર નથી, કેસની ટ્રાયલ ચાલતા સમય જાય તેમ છે, જેથી વિધ્વાન ૦૮માં એડી. જયુડી. મેજી.ફ.કલાસ, વડોદરાએ અરજદારની મુદ્દામાલ અરજી નં. ૪૯૭/૨૦૨૬ ના કામે કરેલ હુકમમાં અત્રેની કોર્ટ ધ્વારા હસ્તક્ષેપ કરવો અને તે હુકમ રદ કરી અરજદારને તેની માલીકીનો મુદ્દામાલ મોબાઇલ ફોન, ટ્રાયલ ચાલતા દરમ્યાન યોગ્ય શરતોને આધીન વચગાળાની કસ્ટડીમાં પરત આપવામાં આવે તે યોગ્ય અને ન્યાયી જણાય છે, એટલે કે, વિ.ટ્રાયલ કોર્ટનો હુકમ કાયદાની જોગવાઇ અને નામદાર સુપ્રીમ કોર્ટના સુંદરલાલ અંબાલાલ દેસાઇ વાળા ચુકાદાના તારણોને અનુરૂપ નથી. જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## –:: હુકમ ::–

આ કામના અરજદાર **સચિન ઉર્ફે સંલગ ડાહયાભાઈ પરમાર** નાઓની તેઓની માલીકીનો મુદ્દામાલ પરત મેળવવાની ફો.પ.અ.નં. ૪૯૭/૨૦૨૬ ના કામે, વિધ્વાન ૦૮માં એડી. જયુડી. મેજી.ફ.કલાસ, વડોદરા ધ્વારા તા. ૩૦/૦૧/૨૦૨૬ ના રોજ હુકમ કરી, અરજદારની અરજી નામંજુર કરેલ તે હુકમ રદ કરવામાં આવે છે અને એવો હુકમ કરવામાં આવે છે કે –

કપુરાઇ પો.સ્ટે. ગુ.રજી. નં. ૧૧૧૯૬૦૪૩૨૫૦ ૬૯૩/૨૦૨૫, પ્રોહી એકટ કલમ–૬૫(એ)(ઇ), ૮૧, ૯૮(૨),

૧૦૮ તથા બી.એન.એસ. કલમ–૩૩૬(૩) મુજબના કામે કબજે કરેલ મુદ્દામાલ મોબાઈલ, આઈફોન ૧૩, IMEI No.3572149 80320911 નો મુદ્દામાલ પાવતીમાં દર્શાવેલ કિંમતથી દોઢી રકમના અરજદારે જામીન તથા જાત મુચરકો તપાસ કરનાર સમક્ષ રજુ કર્યેથી વચગાળાની કસ્ટડીમાં નીચેની શરતે પરત સોંપવા હુકમ કરવામાં આવે છે.

**શ ર તો :–**

(૧) મુદ્દામાલ આ કેસનો આખરી નિકાલ ન આવે ત્યાં સુધી કોઈ પણ વ્યકિતને વેચાણ,બક્ષીસ,ગીરો કે અન્ય કોઈપણ રીતે સોંપવુ નહી.

(૨) મુદ્દામાલ નામદાર કોર્ટ જયાં અને જયારે ફરમાવે ત્યા અને ત્યારે અરજદારે પોતાના સ્વખર્ચે રજુ કરવાનું રહેશે.

(૩) અરજદારે મુદ્દામાલના સ્વરુપમાં કોઈ ફેરફાર થાય તેવું કોઈપણ કૃત્ય કરવુ કે કરાવવુ નહી.

(૪) અરજદારે ટ્રાયલ દરમ્યાન સદરહું મુદ્દામાલની ઓળખ સંબંધે કોઈ તકરાર ઉપસ્થિત કરવી નહી.

(૫) અરજદારે સદરહું મુદ્દામાલનો ઉપયોગ અન્ય કોઈ ગુનાહીત પ્રવૃતિમાં કરવો નહી.

(૬) બોન્ડ તથા જામીન પોલીસ સ્ટેશનમાં આપવા.

આ હુકમની જાણ વિ. ટ્રાયલ કોર્ટ તથા સંલગ્ન પોલીસ સ્ટેશનને કરવી.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તા.૨૭/૦૩/૨૦૨૬
વડોદરા.

**(બદ્રી કમલકુમાર દસોંદી)**
૧૧ માં એડીશ્નલ સેશન્સ જજ
વડોદરા.
કોડ નં.જીજે૦૦૯૨૪

*ડી. કે. કડુસ્કર*

11th Add. Session Judge,
Vadodara